# નગર આયોજન અને મુલ્યાંકન ખાતુ

ગુજરાત રાજ્ય, ગાંધીનગર

સેક્ટરનં.૧૦/એ, સેંટ ઝેવિયર્સ સ્કુલ સામે, ગાંધીનગર

---

નં.સુરત/નરયોનં. ૭૨ (બમરોલી)/પરામર્શ/દ.ગુ/ ૯૦૫ ઈનવર્ડ નં. ૧૦,૭૧૬ શાખા તારીખ ૧૮-૨-૧૪ તા– 18-02-2014

:

પ્રતિ,

મ્યુનિસિપલ કમિશ્નરશ્રી,

સુરત મહાનગરપાલીકા,

સુરત

વિષય:– સુચિત નગર રચના યોજના સુરત નં. ૭૨ (બમરોલી) તૈયાર કરવા અંગે ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ –૧૯૭૬ ની કલમ– ૪૧(૧) હેઠળ પરામર્શ થઈ અનુમોદન મળવા બાબત.

સંદર્ભ:– સુરત મહાનગરપાલીકા , સુરતના તા.૧૭/૦૨/૧૪ના પત્ર નં. ટીપીડી/૭૬૪૯.

ઉપરોક્ત વિષયાન્વયે આપશ્રી દવારા સંદર્ભ તળેના પત્રથી , ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ –૧૯૭૬ ની કલમ– ૪૧(૧) હેઠળ સુચિત નગર રચના યોજના સુરત નં. ૭૨ (બમરોલી) બનાવવા અંગે યોજનાના હદ વિસ્તારને અનુમોદન આપવા બાબત પાઠવેલ દરખાસ્ત અન્વયે પ્રસ્તુત સુચિત નગર રચના યોજના સુરત નં. ૭૨ (બમરોલી) બનાવવા અંગે યોજનાના હદ વિસ્તારને ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ –૧૯૭૬ ની કલમ– ૪૧(૧) હેઠળ નીચેની શરતોને આધીન પરામર્શ આપવામા આવે છે.

૧. યોજનામાં આવતા હયાત જળપ્રવાહો , ખાડીની જમીનો , કુદરતી વહેણો યથાવત રાખવાના રહેશે.

૨. સુડાની મંજુર અને અમલી વિકાસ યોજના મુજબ યોજના વિસ્તારમાં આવતી જમીનોને અનામત જમીનોનુ હાર્દ જળવાય તે હેતુથી અનામતની જમીનોમાં જ અંતિમખંડ ફાળવવાનો રહેશે. તેમજ આ અંગે સરકારશ્રીના તા.૨૫/૦૯/૨૦૧૩ તથા તા.૩૧/૧૨/૨૦૧૩ નો પત્રથી સુરત મહાનગરપાલીકાને કરેલ સુચનોનુ પાલન કરવાનુ રહેશે.

૩. શહેરી વિકાસ વિભાગના સુરત મહાનગરપાલીકાને પાઠવાયેલ તા.૧૪/૨/૧૪ના પત્રમાં જણાવ્યા મુજબ , મુસદ્દારૂપ નગર રચના યોજના નં. ૫૮ (બમરોલી) તથા ૭૨ (બમરોલી) માંથી પસાર થતી ખાડી અને નીચાણ વાળા વિસ્તારોના અનુસંધાને સુરત સિંચાઈ વર્તુળના સુરત મહાનગરપાલીકાને પાઠવાયેલ, તા.૨૬/૭/૧૨ અને તા.૧૨–૧૪/૦૬/૧૩ ના પત્ર મુજબ અને નેશનલ ડીઝાસ્ટર મેનેઝમેન્ટ ઓર્થોરીટીની ગાઈડ લાઈન અન્વયે , અધિક્ષક ઈજનેરશ્રી (સિંચાઈ) સાથે પરામર્શ કરી યોગ્ય કાર્યવાહી કરી યોજનાની દરખાસ્તો ઘડવાની રહેશે.

DTP(S) 25/2/14 25-02-14 ATP Panchal

MC/SMC
19 FEB 2014

૪. યોજનામાં સમાવિષ્ટ ફાજલ જમીનો અંગે રેવન્યુ રેકર્ડની ચકાસણી કરી અલગ અંતિમખંડ ફાળવ રહેશે. તેમજ યોજનામાં સમાવિષ્ટ જમીનોના સત્તાપ્રકારનો સ્પષ્ટ રીતે ઉલ્લેખ કરી સરકારશ્રીનું જાળવવાનું રહેશે.

આ સાથે નકશામાં જરૂરી સહી–સિક્કા કરી આપેલ છે.

મુખ્ય નગર નિયોજક
ગુજરાતરાજય,ગાંધીનગર

<u>નકલ રવાના –પ્રતિ,</u>

૧. ખાસ ફરજ પરના અધિકારીશ્રી, શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ,નવા સચિવાલય, ગાંધીનગર તરફે સરકારશ્રીના તા.૨૭/૦૯/૨૦૧૩ ના જાહેરનામા સંદર્ભે જાણ સારૂ

૨. પ્રવર નગર નિયોજકશ્રી, દક્ષિણ ગુજરાત વિભાગ,વડોદરા તરફે જાણ સારૂ.

૩. નગર નિયોજકશ્રી, સુરત શાખા, સુરત તરફે જાણ સારૂ.